1. કૌટિલ્ય આપેલ વ્યાખ્યા શું છે? તે સમજાવો.

- કૌટિલ્યના મતે, “મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેથી પૃથ્વીના લાલનપાલનનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર." કૌટિલ્યની માનવીની આર્થિક પ્રવૃત્તિ માટેના ચિંતનમાં માત્ર ‘અર્થ’ કેન્દ્રિત ન રહેતાં માનવકલ્યાણનો પણ વિચાર છે. તેથી કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં નૈતિક આધારો પણ છે.

2. માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

- માર્શલના મત મુજબ, ’અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરતું કલ્યાણલક્ષી શાસ્ત્ર છે.’માનવી રોજિંદા વ્યવહારમાં આવક મેળવી સુખાકારીનાં ભૌતિક સાધનો વસાવી શકે છે, તેમનો ઉપયોગ કરે છે અને પોતાની સુખાકારી એટલે કલ્યાણ સાધી શકે છે. માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે.
- પરંતુ ડૉક્ટર, વકીલ, શિક્ષક વગેરેની સેવાઓને અભૌતિક ગણી તેમની ઉપેક્ષા કરે છે જે યોગ્ય નથી. અર્થશાસ્ત્ર સમાજના અભિન્ન અંગ તરીકે માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે તે બાબત માર્શલે સ્વીકારેલ છે.

3. ‘અર્થતંત્રની દશા અને દિશાનાં વલણો જાણવા માટે આંકડાકીય માહિતી ઉપયોગી છે.’ સમજાવો.

- અર્થતંત્રની સ્થિતિ અને તેનું વલણ જાણવા આર્થિક માહિતીના આંકડાઓ જરૂરી છે.અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધી રહ્યો છે, રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો હિસ્સો વધી રહ્યો છે, ભારતની આયાતો ઘટી રહી છે. આ બાબતોનાં વલણો તેમને સંગત આંકડાઓ દ્વારા જ જાણી.શકાય છે. અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે, આર્થિક વ્યવહારો કેવા છે, રોજગારી, ગરીબી વગેરેની પરિસ્થિતિ જાણવા આંકડાકીય માહિતીનો ઉપયોગ અનિવાર્ય

4. “ચોરી આર્થિક પ્રવૃત્તિ નથી.” સમજાવો.

- જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓના વિનિમયથી આવક પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ છે. ‘ચોરી’ની પ્રવૃત્તિમાં ચોર વસ્તુઓ મેળવી આવક પ્રાપ્તિ કરે છે.પરંતુ આ પ્રવૃત્તિમાં કોઈ વિનિમય થતો નથી. તેથી ‘ચોરી’ આર્થિક પ્રવૃત્તિ નથી.

5. અર્થશાસ્ત્રનો અર્થ જણાવો.

- અર્થશાસ્ત્ર એટલે ‘અર્થ’નું શાસ્ત્ર. સંસ્કૃતમાં ’અર્થનો ઉદ્દેશ્ય ’કશુંક મેળવવું’ તે છે, જે આર્થિક પ્રવૃત્તિ સાથે સુસંગત છે. ગ્રીક શબ્દ 'Oikonomikos' પરથી અર્થશાસ્ત્રનો અંગ્રેજી શબ્દ Economics ઉતરી આવ્યો છે. પ્રાચીન ગ્રીસમાં ઘરના સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને Economica કહેતા.

6. ટૂંક નોંધ લખો : વૃત્તાંશ આકૃતિઆપેલ આર્થિક માહિતીના જુદા જુદા વિભાગોની માહિતીનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે વૃત્તાંશ આકૃતિ દોરવામાં આવે છે. યોગ્ય ત્રિજ્યાથી દોરેલ વર્તુળ એ કુલ માહિતી છે અને તેને જુદા જુદા વિભાગ મુજબ વિભાજિત કરવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે. વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. વર્તુળના કેન્દ્રના 360° છે. તેના સંદર્ભમાં જુદા જુદા વિભાગોની માહિતીના અંશ નક્કી કરી કેન્દ્રથી વર્તુળને વિભાજિત કરવામાં આવે છે.  જુદા જુદા વૃત્તાંશની માહિતીનો તુલનાત્મક અભ્યાસ સરળતાથી કરી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે.

7. 'અર્થશાસ્ત્ર' અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.

- ભારતીય તત્ત્વચિંતનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર માનવજીવનના મુખ્ય ઉદેશો છે, જેમાં 'અર્થ' માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્ર સંબંધિત છે. 'કશુંક મેળવવા'ની અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ 'અર્થપૂર્ણ પ્રવૃત્તિ છે. માનવી 'અર્થપૂર્ણ પ્રવૃત્તિ દ્વારા જીવનનિર્વાહ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે અર્થોપાર્જન કરે છે.
- 2500 વર્ષ પહેલાં કૌટિલ્ય (ચાણક્ય) અર્થશાસ્ત્ર સાથે સંબંધિત છે તેવી માનવીની આર્થિક પ્રવૃત્તિ માટે ચિંતન રજૂ કર્યું હતું. ભારતીય ચિંતનમાં આર્થિક પ્રવૃત્તિ માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં તેમાં માનવકલ્યાણનો પણ વિચાર થતો હતો. આમ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અર્થનીતિશાસ્ત્ર કહેવાતું. કૌટિલ્ય રાજાશાહી રાજ્યવ્યવસ્થા અને કૃષિપ્રધાન અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખી અર્થશાસ્ત્રની રજૂઆત કરી હતી.